# સાવરકુંડલા પુરવઠા વિભાગે સસ્તા અનાજનું કૌભાંડ પકડી પાડયુ



અમરેલી: અમરેલી જિલ્લામાં ગરીબ લોકોને સરકાર દ્વારા વિનામૂલ્યે સસ્તા અનાજની દુકાનેથી આપવામાં આવતું અનાજ કેટલાંક શખ્સો દ્વારા તે અનાજના જથ્થાને કાળા બજારમાં વેચી અને નાણાં કમાવવા માટે કારસ્તાન કરતાં હોય છે. ત્યારે જિલ્લામાંથી અનેક વખત આવો જથ્થો પુરવઠા વિભાગ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરે છે. પરંતુ આવા કૌભાંડ અટકવાનું નામ લેતાં નથી. ત્યારે આજે સાવરકુંડલા ગામેથી સાવરકુંડલા પુરવઠા વિભાગે સસ્તા અનાજનું કૌભાંડ પકડી પાડી રૂપિયા ૧,૨૯,૦૦૦નો મુદ્દામાલ સીઝ કરાયો હતો.

આ બનાવમાં જાણવાં મળતી વિગત મુજબ સાવરકુંડલા ગામે કેવડાપરા વિસ્તારમાં આવેલ એક મકાનમાં સસ્તા અનાજનો અનધિકૃત જથ્થો રખાયો હોવાની બાતમી સાવરકુંડલા પુરવઠા વિભાગને બાતમી મળતાં સાવરકુંડલા પુરવઠા વિભાગે બાતમીને આધારે દરોડો પાડી ઘઉંના ૧૩ કટ્ટા તથા ચોખાના ૨૯ કટ્ટા, ૨ વજનકાંટા મળી રૂપિયા ૧,૨૯,૦૦૦નો મુદ્દામાલ સીઝ કરાયો હતો.

આ બનાવ અંગે સાવરકુંડલા મામલતદાર કચેરીનાં પુરવઠા મામલતદાર કીરીટ પાઠકે જણાવ્યું હતું કે, આ જથ્થો ઝડપાયા બાદ આ જથ્થાના બિલ અંગે પુછપરછ કરતાં કોઈ આધાર પુરાવા ના હોય અને આ જથ્થો શંકાશીલ હોવાથી સીઝર કરેલ જથ્થા અંગે અમરેલી જીલ્લા પુરવઠા વિભાગને જાણ કરવામાં આવતાં આગળની વધુ તપાસ હાથ ધરેલ છે.

# લાઠીના માલવીયા પીપરીયામાં ગેલ માતાજીના મંદિરમાં માતાજીના આભૂષણની ચોરી




અમરેલી: લાઠીના માલવીયા પીપરીયામાં ગેલ માતાજીના મંદિરમાંથી અજાણ્યા પાંચ શખ્સોએ ૧૩.૮૬ લાખના આભૂષણની ચોરી કરી હતી. ગેલ માતાજીના મંદિરમાંથી ચોરી અંગે લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. લાઠીના માલવીયા પીપરીયામાં રહેતા હિંમતભાઈ બાબુભાઈ માલવીયા (ઉ.વ.૫૧)એ અજાણ્યા પાંચ શખ્સો સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૨૬મી જાન્યુઆરીની રાતે પાંચેય શખ્સોએ ગેલ માતાજીના મંદિર પ્રવેશ કર્યો હતો. અહીં મંદિરના ગર્ભગૃહના મેઈન દરવાજાનો અંદરનો લોક તોડી માતાજીની મૂર્તિ ઉપર ચડાવેલા ચાંદીના નાના-મોટા ૪ છત્તર ની ચોરી કરી હતી.આ ઉપરાંત સોનાના ચેઈન, ચાંદીના જાજંર, મુર્તિ આગળ રાખેલા ચાંદીના ગ્લાસ મળી કુલ રૂપિયા ૧૩,૮૬,૦૦૦ ની મત્તાની અજાણ્યા પાંચ શખ્સોએ ચોરી કરી હતી. ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી ફૂટેજમાં પણ કેદ થઈ હતી. અજાણ્યા શખ્સો સામે લાઠી પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાતા પીઆઈ એસ.એમ.સોની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જાફરાબાદના વેપારી સાથે રૂપિયા ૧,૬૬,૬૬૦નું સાયબર ફ્રોડ



અમરેલી: જાફરાબાદ ગામે રહેતાં એક વેપારીએ Parivahan sewas.apk નામની એપ્લીકેશન ઈન્સ્ટોલ કરેલ હોય, બાદમાં આ વેપારીનાં આઇ.સી.આઇ .સી.આઇ.બેંકના ક્રેડીક કાર્ડમાંથી કુલ રૂપિયા ૧,૬૬,૬૬૦ ના વેપારીની જાણ બહાર કોઈ અજાણ્યા ઈસમે બે મોબાઇલ ફોન ૨ બારોબાર ખરીદી લઈ આ જાફરાબાદના વેપારી સાથે કુલ રૂપિયા ૧,૬૬,૬૬૦ નું સાયબર ફ્રોડ કરેલ હોય જે અંગે જાફરાબાદ પોલીસમાં વેપારીએ અજાણ્યા ઈસમ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવેલ છે.

આ બનાવમાં જાફરાબાદ ગામે કોળીવાડ ખોડીયાર મંદીર બાજુમાં રહેતાં ચેતનભાઇ જીવનભાઇ બાંભણીયા નામનાં ૩૬ વેપારીના વોટ્સએપ નંબર ઉપર ગત તા.૬ ના રોજ કોઈ અજાણ્યા મોબાઇલ નંબર ઉપરથી એક મેસેજ આવેલ અને જેમાં એક Parivahan sewas.apk નામની એપ્લીકેશન હોય જે મેસેજ વેપારીએ ચાર-પાંચ દિવસ બાદ જોયેલ હતો. જેમાં આ વેપારીનાં ટ્રેક્ટરના નંબર હોય જેથી તે વેપારીએ તે એપ્લીકેશન ઈન્સ્ટોલ કરેલ હતું.

બાદમાં ગત તા.૧૪ ના રોજ આ વેપારીના મોબાઇલ નંબર ઉપર ટેક્સ મેસેજ આવેલ હતો. જેમાં વેપારીના આઇ.સી.આઇ. સી.આઇ.બેંકના ક્રેડીક કાર્ડમાંથી કુલ રૂપિયા ૧,૬૬,૬૬૦ કપાયેલ હતાં. જેથી વેપારીએ તેના મોબાઇલમાંથી ફ્લીપકાર્ટ એપ્લીકેશન ખોલેલ હતી. અને ઓર્ડરમાં જઇ બીલ જોયેલ તો Apple iPhone 17 (mist Blue, 256 GB) IMEI 355216988407121 ŒÚkk Apple iPhone 17 (Black, 256 GB) IMEI 352417456166313 થી કુલ બે આઇફોન કિમત રૂપિયા ૧,૬૬,૬૬૦ ના ઓર્ડર આઇ.ડી.નં. '૬૪૩૬૫૨૪૧૧૧૮૩૬૫૬૭૨૦૦ થી એડ્રેસ–૦૧ ground iihmr university Maruti nagar, airprot road Sanganer, sheopur, shiv Nagar. Jaipur 302029 Rajasthan phone-xxxxxxxxxx ઉપર ઓર્ડર અને ડીલીવર થઇ ગયેલ હતા.

જેથી વેપારીએ ચેક કરતા તેના ફોનમાં સ્ૈૈદ્વિકરકહ નામનું એપ્લીકેશન છુપી રીતે વાપરી આ એપ્લીકેશન વાળા તથા ઉપરોક્ત નંબર વાળાએ આ જાફરાબાદના વેપારી સાથે કુલ રૂપિયા ૧,૬૬,૬૬૦ નુંસાયબર ફ્રોડ કરેલ હોય જે અંગે જાફરાબાદ પોલીસમાં વેપારીએ અજાણ્યા ઈસમ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવેલ છે.
















૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકાનાઓ

ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. અમરેલી.

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ-ઓફીસ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૬૦૧

ઈ-મેઈલ :ho@ajmsbank.com વેબસાઇટ :www.ajmsbank.com

2025 International Year of Cooperatives — Cooperatives Build a Better World

(થાપણ પરના બેંકના આકર્ષક વ્યાજદરો)

| અનુ. નં. | થાપણના પ્રકાર | તા.૧૦-૦૭-૨૦૨૫ થી વ્યાજનો દર | સીનીયર સીટીઝન (વરિષ્ટ નાગરીક) માટે |
|---|---|---|---|
| (A) | ૦૭ દિવસથી ૧૪ દિવસની મુદ્દત માટે | ૩.૫૦ | ૪.૦૦ |
| (B) | ૧૫ દિવસથી ૪૫ દિવસની મુદ્દત માટે | ૪.૦૦ | ૪.૫૦ |
| (C) | ૪૬ દિવસથી ૮૯ દિવસની મુદ્દત માટે | ૫.૦૦ | ૫.૫૦ |
| (D) | ૯૦ દિવસથી ૧૭૯ દિવસની મુદ્દત માટે | ૫.૧૦ | ૫.૬૦ |
| (E) | ૧૮૦ દિવસથી ૧ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૦૦ | ૬.૫૦ |
| (F) | ૧ વર્ષની મુદ્દત અને ૨ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૭૫ | ૭.૨૫ |
| (G) | ૨ વર્ષની મુદ્દત અને ૩ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૭૫ | ૭.૨૫ |
| (H) | ૩ વર્ષની મુદ્દત અને ૫ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| (I) | ૫ વર્ષથી વધુ અને ૮ વર્ષ સુધીની મુદ્દત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| (J) | ડબલ (સ્પેશ્યલ ફીકસ ડીપોઝીટ) | ૧૧ વર્ષ ૬ માસે (૧૩૮ માસ) (વ્યાજ દર ૬.૧૦%) | |

- અન્ય બેંકોની સરખામણીમાં થાપણો ઉપર સૌથી વધુ વ્યાજ આપતી અને **સને ૧૯૫૧** થી સતત **ઓડીટ વર્ગ 'અ'** ધરાવતી બેંક.
- સરકારશ્રીની નીતિ અન્વયે પ્રથમ વર્ષથી ૧૦૦% કિસાન ક્રેડીટ કાર્ડ દ્વારા જ ખેડૂતોને રૂા. ૩,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ ૭% એ ખરીફ અને રવિ પાક ધિરાણ પુરી પાડતી પ્રથમ બેંક તેમજ **રૂા. ૩,૦૦,૦૦૦/-** સુધીનું અકસ્માત વીમા કવચ પુરી પાડતી બેંક.
- બેંકની મુખ્ય કચેરી ઉપરાતં **૭૧ શાખાઓ** સાથે સંયોજીત મંડળીઓ તથા બેંકના કર્મચારીઓના નેટવર્ક દ્વારા ખેતી અને ખેતી આધારિત પશુપાલન તેમજ ઉદ્યોગોને ઉત્તમ સેવા પુરી પાડતી બેંક.
- ખેડૂતોને હાઉસીંગ, ગોડાઉન, ટ્રેકટર તથા દ્વીચક્રી વાહન ખરીદવા માટે લોન આપવામાં આવે છે.
- રૂા.૫,૦૦,૦૦૦/- સુધીની આ બેંકમાં મુકેલ ડિપોઝીટ વીમાથી સુરક્ષિત.
- **બેંકમાં RTGS, NEFT, IMPS, UPI, (બીલ પેમેન્ટ) BBPS, (આધાર લીંક સબસીડી) APBS, SMS એલર્ટ, મોબાઈલ બેંકીંગ, CTS ટ્રાન્ઝેકશનની સુવિધા ઉપલબ્ધ છે. તેમજ ફકત રૂા. ૧૦૭/- માં બેંક મારફત પાનકાર્ડ મેળવવાની સુવિધા.**
- બેંકની વ્યકિતગત **આકસ્મિક વીમા યોજના** અન્વયે ૧૦ થી ૭૮ વર્ષની વયના **લોકોને રૂા. ૫,૦૦,૦૦૦/- લાખનું અકસ્માત વીમાનું કવચ.**
- **ગોલ્ડ લોન ધમાકા સોનાના દાગીના ઉપર બજાર ભાવના ૭૫% સુધી અને વધુમાં વધુ રૂા. ૭,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ વાર્ષિક માત્ર ૯.૦૦ % ના વ્યાજ દરે ઉપલબ્ધ છે.**

(બી. એસ. કોઠીયા) જનરલ મેનેજર (સી.ઈ.ઓ) | (અરૂણભાઈ પટેલ) વાઈસ ચેરમેન | (દિલીપ સંઘાણી) ચેરમેન

ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.– અમરેલી.